Gujarat Samachar

EDII

February 28, 2019
Pg.5

Guj. Samachar
Pg 5

ગુરૂવાર, તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૯

### કેન્દ્ર સરકારના નેશનલ રેન્કિંગના પગલે ગુજરાત સરકારે શરૂ કરેલા

# સ્ટેટ રેટિંગમાં GTU પ્રથમ : ગુજરાત યુનિ.ચોથા અને નિરમા યુનિ.પાંચમા નંબરે

અમદાવાદ,બુધવાર

ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારના નેશનલ રેન્કિંગ ફ્રેમવર્કની જેમ સ્ટેટ રેટિંગ ફ્રેમવર્ક શરૂ કરવામા આવ્યુ છે.જેમાં આજે યુનિવર્સિટીઓ અને કોલેજોના રેટિંગ તેમજ સ્કોર જાહેર કરવામા આવ્યા છે. ગુજરાત સરકારના આ પ્રથમ સ્ટેટ રેટિંગ લિસ્ટમાં જીટીયુ સૌથી વધુ સ્કોર સાથે પ્રથમ નંબરે છે જ્યારે ગુજરાત યુનિવર્સિટી ચોથા નંબરે છે.મહત્વનું છે કે પ્લેસેન્ટ અને સ્ટાર્ટઅપ સહિતની બાબતોમાં પ્રથમનંબરે હોવાનો દાવો કરતી રાજ્યની સૌથી જુનિ યુનિવર્સિટી કરોડો રૂપિયાના રીનોવેશન-ડેવલપેમન્ટ બાદ પણ રાજ્ય સરકારના રેટિંગમાં પ્રથમ નંબરે આવી શકી નથી.

## સરકારે ૨૧ યુનિ.ઓ અને ૫૭ કોલેજોના રેટિંગ જાહેર કર્યા : મોટા ભાગની કોલેજો-યુનિ.એ અરજી જ ન કરી : ફાઈવ સ્ટારમાં રેન્કિંગમાં કોઈ નહીં

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આજે જાહેર કરાયેલા સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ અંતર્ગત રીસર્ચ,પ્લેસમેન્ટ,વિદ્યાર્થીઓની સંખ્યા ,પરિણામ, વિદ્યાર્થી-શિક્ષક રેશિયો અને અન્ય પેરામીટર્સને ધ્યાને લેવામા આવ્યા છે.તમામ પેરામીટર્સને આધારે ૧થી૫ સુધીના સ્ટાર રેટિંગ તેમજ સ્કોર અને ગ્રેડિંગ પોઈન્ટ આપવામા આવ્યા છે.જો કે રાજ્યની ૬૦થી વધુ યુનિવર્સિટીઓમાંથી માત્ર ૨૧ જ યુનિ.એ અને ૧૫૦૦થી વધુ કોલેજોમાંથી માત્ર ૫૭ કોલેજોએ જ અરજી કરી હોવાથી ૨૧ યુનિ અને ૫૭ કોલેજોને જ રેટિંગ આપવામા આવ્યા છે. આ પ્રથમવારના સ્ટેટ રેટિંગમાં જીટીયુ હાઈએસ્ટ ૬૧.૫ સ્કોર અને ૩.૫૮ સીજીપીએ સાથે પ્રથમ ક્રમે છે. જ્યારે બીજા ક્રમે સરદાર પટેલ યુનિવર્સિટી તથા ત્રીજા નંબરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છે.ગુજરાત યુનિવર્સિટી ચોથા નંબરે અને નિરમા યુનિવર્સિટી પાંચમા નંબરે છે.

અત્યાર સુધીના નેશનલ રેન્કિંગમાં નિરમા યુનિવર્સિટી અને પીડીપીયુ સહિત ટોપ પ્રાઈવેટ યુનિ.ઓ આમ તો સરકારી યુનિ.ઓ કરતા આગળ રહી છે ત્યારે સ્ટેટ રેન્કિંગમાં સરકારી યુનિ.ઓ કરતા પ્રાઈવેટ યુનિ.ઓપાછળ રહી હોઈ ખરેખર સ્ટેટ રેન્કિંગને સાચો માનવો કે નેશનલ રેન્કિગને એ પણ પ્રશ્ન છે. પીડીપીયુ અને ડીએઆઈસીટી તો ટોપ પાંચમાં પણ નથી. જ્યારે ૫ સ્ટાર રેટિંગમાં રાજ્યની એક પણ સરકારી કે પ્રાઈવેટ યુનિવર્સિટી નથી.૪ સ્ટાર રેટિંગમાં ૧૧ યુનિવર્સિટી છે ,જેમાં ૪ સરકારી યુનિવર્સિટી ,૪ સેકટોરલ યુનિ અને ૩ પ્રાઈવેટ યુનિવર્સિટી છે.જ્યારે લો કેટેગરીમાં જીએનએલયુ(ગુજરાત નેશનલ લૉ યુનિ.)એ ૩.૭૮ સીજીપીએ મેળવ્યા છે જે તમામ યુનિ.ઓમાં સૌથી વધુ છે.મહત્વનું છે કે સરકારી યુનિ.ઓમાં રાજ્યની સૌથી વધુ જુની અને સરકારની તેમજ કેન્દ્રની રીનોવેશન-ડેવલપેન્ટની સૌથી વધુ ગ્રાન્ટ વાપરનારી ગુજરાત યુનિ.ચોથા ક્રમે આવી છે.યુનિ.માં છેલ્લા બે વર્ષથી થઈ રહેલા નવા બાંધકામો,રીનોવેશન તેમજ રીસર્ચ સેન્ટર અને સ્પોર્ટસ કોમ્પલેક્ષના પ્રોજેક્ટો સાથે હાઈએસ્ટ સ્ટાર્ટઅપના દાવા ખરેખર પ્રથમ રેટિંગ કે પ્રથમ રેન્ક લાવવામા કારગર પુરવાર નથી થતા તે સરકારના જ રેટિંગે સાબીત કરી દીધુ છે.જો કે સરકારે આ પ્રથમવાર રેટિંગમાં એ ખાસ ધ્યાન આપ્યુ છે કે કોઈ પણ યુનિ.ને અન્યાય ન થાય.ખૂબ જ નજીવા સ્કોરના ફેરફાર સાથે સરકારી યુનિ.ઓને થોડીસારી બતાવાઈ છે જ્યારે પ્રાઈવેટ યુનિ.ઓ સાથે એગ્રિકલચર યુનિ.ઓ અને સેકટોરલ યુનિ.એ પણ રેટિંગમાં સમાવી લેવાયા છે.

### રેટિંગમાં કયા નંબરે કઈ યુનિ.

| યુનિવર્સિટી | સ્કોર | યુનિવર્સિટી | સ્કોર |
|---|---|---|---|
| જીટીયુ | ૬૧.૫ | એમ.એસ.યુનિ. | ૫૦.૩ |
| સરદાર પટેલ | ૬૧.૩ | પીડીપીયુ | ૫૦.૦ |
| સૌરાષ્ટ્ર યુનિ. | ૬૦.૯ | કચ્છ યુનિ. | ૪૬.૫ |
| ગુજરાત યુનિ. | ૬૦.૭ | ગણપત યુનિ. | ૪૦.૫ |
| નિરમા યુનિ. | ૬૦.૬ | વીર નર્મદ યુનિ. | ૩૯.૧ |
| જુનાગઢ કૃષિ | ૫૪.૨ | ભાવનગર યુનિ. | ૩૮.૧ |
| ચરોતર યુનિ. | ૫૪.૦ | ઉત્તર ગુજ.યુનિ. | ૩૮.૦ |
| ધીરુભાઈ અંબાણી | ૫૨.૯ | ઉકા તરસાડીયા | ૩૬.૪ |
| ફોરેન્સિક સાયન્સ | ૫૧.૭ | પારૂલ યુનિ. | ૩૩.૩ |
| નવસારી કૃષિ | ૫૧.૫ | સાંકળચંદ યુનિ. | ૨૮.૫ |